અપીલ અરજી નં.૧૩૯/૦૮–૦૯ તા. ૨૬–૮–૦૮

અરજદારઃ શ્રી શીલાબેન રમેશચંદ્ર ભુતવાલા
સામાવાળાઃડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી ( જનસંપર્ક ખાતુ)

**હુકમઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શીલાબેન રમેશચંદ્ર ભુતવાલા ની તા.૧–૭–૦૮ ની અરજીથી સેકશન ઓફિસર શ્રી આર.જી.ભુતવાલા (ક.નં.૩૧૧૯) જનસંપર્ક ખાતામાંથી ટ્રાફીક સેલમાં બદલી થયાને પાંચ માસ જેટલો સમય પસાર થવા છતા કર્મચારીનો ૨૦૦૭ નો ઈજાફો, સેવાપોથી પેફીકશેસન ના પત્રકો, તથા ખાતામાં બજાવેલ વધારાના કલાકની ફરજના વળતર રજાના ઓફ અંગેનો હિસાબ મોકલવામાં આવેલ નથી. જે અંગે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૬–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૯/૨૦૦૮–૦૯

શ્રી શીલાબેન રમેશચંદ્ર ભુતવાલા ની તા.૧–૭–૦૮ ની અરજીથી સેકશન ઓફિસર શ્રી આર.જી.ભુતવાલા (ક.નં.૩૧૧૯) જનસંપર્ક ખાતામાંથી ટ્રાફીક સેલમાં બદલી થયાને પાંચ માસ જેટલો સમય પસાર થવા છતા કર્મચારીનો ૨૦૦૭ નો ઈજાફો, સેવાપોથી પેફીકશેસન ના પત્રકો, તથા ખાતામાં બજાવેલ વધારાના કલાકની ફરજના વળતર રજાના ઓફ અંગેનો હિસાબ મોકલવામાં આવેલ નથી. જે અંગે માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.પીઆરઓ/૫૨૮ તા.૩૦–૭–૦૮ થી આપેલ માહિતી અધુરી તેમજ ઈરાદાપુર્વક ખોટી આપેલ છે. તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૮૭ તા.૨–૯–૦૮ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી નં.પીઆરઓ/આ.નં.૬૫૭ તા.૧૦–૯–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળ ેલ છે.

અરજદારની તા.૧–૭–૦૮ ની મુળ અરજીના અનુસંધાને અંગે ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીના મુદ્દા નં.પ માં અધુરી અને ઈરાદાપુર્વક ખોટી માહિતી આપવામાં આવેલ છે એવી રજુઆત કરવામાં આવેલ છે. આપવામાં આવેલી માહિતી જવાબદાર અધિકારીની સહી નથી આ સિવાય માહિતી સબંધે કોઈ આધાર કે વાજબીપણું રજુ કરેલ નથી. અપીલ અરજીમાં મહેકમને લગતી કાર્યવાહીની રજુઆત કરેલ છે જે બાબત પૂરક માહિતીમાં ઈજાફો અને રજા અંગેની કાર્યવાહી પૂર્ણ કરી સ ેવાપોથી ટ્રાફીકસેલને મોકલવામાં આવેલ હોવાનું ખાતા તરફથી જણાવવામાં આવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ માહિતી પત્રકમાં માંગેલ પુરા સમયગાળાની સક્ષમ સત્તાની સહી સાથે પૂરી પાડવામાં આવેલ નહીં હોવાનું જણાયેલ છે. જેથી તે અંગેની પૂરી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. બાકીના મુદ્દા અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશ્નર (પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી,(જનસંપર્ક) ..... જાણ તથા અમલ માટે
(૨)શ્રમતી શીલાબેન રમેશચંદ્ર ભુતવાલા,